# ભાવનગર મજુર અદાલતના પ્રિસા.ઓફિસર શ્રી એમ.એન.શેખ.સાહેબ સમક્ષ,

રેફરન્સ (L.C.N) નં. ૩૦૨/૨૦૦૫
આંક –

**અરજદાર :–** શ્રી નરેન્દ્રસિંહ જટુભા ગોહીલ,
ઠે. ખદરપર,
તા. તળાજા, જી. ભાવનગર.

**<u>વિરૂધ્ધ</u>**

**સામાવાળા :–** મેનેજરશ્રી, મુખ્ય અધિકારીશ્રી,
સાઉન્ડ બીલ્ડ કેર પ્રા.લી.
સર્વે નં.૬, બ્લોક નં.૧, માલપર – મામસા રોડ,
મામસા, તા. ઘોઘા, જી. ભાવનગર.

**હાજર રહયા :–** અરજદાર તરફે – વિ. વ. શ્રી વિ. જી. સંઘવી.
સામાવાળા તરફે – વિ. વ. શ્રી એન. એચ.જાડેજા.

## <u>–: એ વો ર્ડ :–</u>

**૧:** આ રેફરન્સ મદદનીશ શ્રમઆયુકતશ્રી ,ભાવનગરની કચેરીના તા. ૨૭/૧૦/૨૦૦૫ ના પત્રથી ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ–૧૦ (૧) અન્વયે ક્રમાંકઃ /કે. એચ./૭૫૧૪/એસ.એચ.એમ.સી./બી.એચ.એ./એ.જે.બી./આઈ.ડી.આર./૨૪૭/૦૫ થી નીચે મુજબની પક્ષકારોની તકરાર ન્યાય નિર્ણય માટે મોકલવામાં આવેલ છે.

*" શ્રી નરેન્દ્રસિંહ જટુભા ગોહીલ છુટા કર્યા તા.૧૦/૦૮/૨૦૦૫ તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ? "*

૨ઃ અરજદાર તરફે આંક–૪ થી રજુ થયેલ માંગણાના નિવેદન મુજબ તેમની હકીકત ટુંકમા એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં સને ૧૯૯૪ ના રોજથી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતાં તેમને છેલ્લે માસીક રૂા. ૧૮૦૦/– ચુકવવામાં આવતો હતો. તે પોતાની ફરજ વફાદારીથી બજાવતા હતા. પરંતુ તા. ૧૦/૮/૨૦૦૫ ના રોજ થી કોઈ પણ જાતના કારણ વગર તેમના ઉપર કીન્ના ખોરી રાખી અનફેર લેબર પ્રેકટીસ આચરી મૌખીક હુકમથી છુટા કરી દીધેલ જેથી તેમણે રજીસ્ટર એડી થી ડીમાંડ નોટીસ ની માંગણી મુજબ તેમણે પુનઃ સ્થાપીત નહી કરી આપતા તેમણે એ.સી.એલ.શ્રી ને લેખીત ફરીયાદ કરેલ. જયાં એ.સી.એલ શ્રી સમક્ષ નોકરીએ રાખવા માટે સામાવાળા એ તૈયારી બતાવેલ, પરંતુ બીજા દીવસે તેઓ નોકરીએ જતાં દરવાજાની અંદર પ્રવેશવા દીધેલ નહી. તથા તેમની છુટા કર્યા તે સમયે મજુર કાયદાના જોગવાઈ મુજબ ચુકવવુ પડતુ વળતર, છટણી નોટીસ કે નોટીસ પગાર કે કોઈ પણ જાતના હકક હીસ્સા સામાવાળાએ ચુકવેલ નથી. સામાવાળા ધ્વારા તેમને આઈ.ડી. એકટ ની કલમ ૨૫–એફ, જી., અને એચ ની જોગવાઈ નુ ઉલંઘન કરીને તેમને છુટા કરવામાં આવેલ હોય સામાવાળાનું પગલુ ગેર કાયદેસર ઠરે છે. તેઓ હાલમાં બેકાર છે. અને કોઈ પણ પ્રકારનુ કામ ધંધો કરતા નથી કે તેમને અન્ય કોઈ પણ પ્રકારની આવક નથી વધુમાં તેમને છુટા કર્યા તે સમયે તેમજ હાલમાં પણ તેમના થી જુનીયર અન્ય કામદારો ફરજ ઉપર ચાલુ હતાં અને હાલમાં પણ ચાલુ છે. તેમને ઓવરટાઈમનો પગાર તથા નોકરીના અન્ય લાભો, હકકો, રજા, બોનસ વગેરે ચુકવ્યા નથી. અરજદારે તેમને કામ ઉપર લેવા માટે સામાવાળાને એપ્રોચ લેટર આપેલ પરંતુ સામાવાળા તરફથી તેનો ઉડાઉ અને જુઠો જવાબ આપેલ. જો સામાવાળા નોકરીમાં રાખવા તૈયાર હોય તો તે આજની તારીખે પણ નોકરીમાં ચડી જવા તૈયાર છે, વિગેરે હકીકતો જણાવી તેમને છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી છુટા કર્યા તારીખથી મુળ જગ્યાએ પુનઃ સ્થાપીત કરી, પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં સળંગ રાખવા સાથે પુનઃ સ્થાપીત કરવા તેમજ અરજદારને થયેલ તેમનો ખર્ચ, ખાસ વળતર તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તે અન્ય દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

૩ઃ સદરહુ કામે સામાવાળા ધ્વારા આંક –૧૪ થી તેમને લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેમણે માંગણાની હકીકતનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે. તથા વિશેષમાં તેમની હકીકત ટુંકમાં એવી છે કે, અરજદાર ડોમેસ્ટીક ડ્રાઈવર હતા, ધંધા સાથે તેમનો કોઈ સબંધ ન હતો અને ધંધા માટે તેઓ કોઈ ઉદ્યોગ કે ઔદ્યોગીક એકમ નથી જેથી હાલનો વિવાદ

આઈ.ડી. એકટ હેઠળ ચાલી શકે નહી. તેમની અને અરજદાર વચ્ચે નોકર માલીકના કોઈ સબંધો ન હતા. સામાવાળા સંસ્થા સને ૨૦૦૧થી અસ્તીત્વમાં આવેલ છે. જેથી ૧૯૯૪ થી કામ કરતા હોવાની હકીકત ખરી નથી. અને તેમને તા. ૧૦/૮/૨૦૦૫ ના રોજ છુટા કર્યાની હકીકત ખરી નથી અરજદાર તેમના ડોમેસ્ટીક ડ્રાઈવર હતા. તેઓ વર્ષોથી મુંબઈ મુકામે રહે છે. અને જયારે ભાવનગર આવતા ત્યારે તેમના કુટુંબીજનો માટે અરજદારને ડ્રાઈવર તરીકે રાખવામાં આવતા. અને અરજદાર સામાવાળાની પ્રાઈવેટ સુમો ગાડી ચલાવતા. જેથી અરજદાર ડોમેસ્ટીક ડ્રાઈવર હોય તેમને ધંધા સાથે કોઈ સબંધો ન હતા. સામાવાળા મુંબઈ જતા ત્યારે અરજદાર બીજે ડ્રાઈવીંગ કરવા જતા રહેતા. સામાવાળા મુંબઈથી આવે ત્યારે વર્ષે ૨ થી ૩ માસ જેટલો સમય રહેતા હતા અને એટલા સમય માટે અરજદાર તેઓ માટે ડોમેસ્ટીક ડ્રાઈવર તરીકે કામ કરતા. સામાવાળા ઓગસ્ટ ૨૦૦૫ માં મુંબઈથી ભાવનગર આવેલ, ત્યારે અરજદારને ડોમેસ્ટીક ડ્રાઈવર તરીકે બોલાવતા, તેઓ રાબેતા મુજબ સામાવાળાના કુટુંબીજનો માટે ડ્રાઈવીંગ કરવા લાગેલ. પરંતુ અરજદારે એક દિવસ સામાજીક કામ અર્થે ૧૫ દિવસ સુધી તેઓ ડ્રાઈવીંગ કરવા આવી શકશે નહી તેવુ જણાવી, બીજા ડ્રાઈવરને વ્યવસ્થા કરી લેવા જણાવેલ અને ૧૫ દિવસ પછી તેઓ આવી જઈ ફરી.થી આ ઘરની ગાડી ચલાવશે તેમ કહી જતા રહેલા. પરંતુ તા. ૧૩/૮/૨૦૦૫ ના રોજ તેઓ નોકરી ઉપર રાખવાની ડીમાંડ નોટીસ આપેલ. જેથી તેઓએ તા. ૨૪/૮/૨૦૦૫ ના રોજ પત્રથી તાત્કાલીક અસલ ફરજ ઉપર હાજર થઈ થતા જણાવેલ. પરંતુ અરજદાર તેમની ફરજ ઉપર આવેલ નહી. એ.સી.એલ શ્રી સમક્ષ પણ અરજદારને ફરજ ઉપર આવી જવા જણાવેલ. પરંતુ તેઓ આજસુધી ફરજ ઉપર હાજર થવા આવેલ નથી. આમ, અરજદાર જાતે આવતા બંધ થયેલ છે. તેઓ બેકાર નથી. પરંતુ ડ્રાઈવીંગ નો પ્રાઈવેટ ધંધો કરી બીજે ડ્રાઈવીંગ કરી સારૂ એવુ કમાય છે, વિગેરે હકીકતો જણાવી, અરજદારને તેમણે માંગેલ કોઈ દાદ મળવા પાત્ર ન હોઈ, હાલની અરજી રદ કરવા તથા તેમને ખાસ ખર્ચની રકમ અપાવવા અરજ ગુજારેલ છે.

૪: અરજદાર ધ્વારા પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ ના પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખીક પુરાવો</u>**

૧. આંક–૧૫ થી અરજદાર નરેન્દ્રસીંહ જટુભા જાડેજાની સોગંદ ઉપરની જુબાની

૨. આંક–૨૫ થી સાહેદ બટુકસીંહ ગોહીલની સોગંદ ઉપરની જુબાની

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

૧. નિ.૭/૧થી સામાવાળાને આપેલ ડીમાંડ નોટીસની ઓફીસ કોપી.

૨. નિ.૭/૨ થી સામાવાળાને આપેલ ઉપરોકત નોટીસની આર.પી. એ.ડી. ની અસલ પાવતી.

૩. નિ.૭/૩ થી સામાવાળાને આપેલ ઉપરોકત ડીમાંડ નોટીસની આર.પી.એ.ડી.ની એકનોલેજમેન્ટની અસલ

૪. નિ.૭/૪ થી સામાવાળાએ આપેલ ડીમાંડ નોટીસના જવાબની અસલ.

૫. આંક – ૨૬ થી પુરાવા બંધની પુરીસીસ

**૫ઃ** સદરહુ કામે સામાવાળાને તેમને પુરાવો રજુ કરવા સારૂ વ્યાજબી અને પુરતો સમય આપવા છતા સામાવાળા તરફે તેમનો પુરાવો રજુ નહી કરવામાં આવતાં અરજદાર પક્ષની આંક – ૨૯ ની અરજી લગત હુકમ કરીને તા. ૫/૧૨/૨૦૧૭ ના રોજ સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ તથા હાલનુ કામ અરજદાર પક્ષને દલીલો ઉપર મુકવામાં આવેલ.

**૬ઃ** સદરહુ કામે અરજદાર તરફે વિ. વ. શ્રી ધ્વારા તેમના કેસના સમર્થનમાં મૌખીક દલીલો રજુ કરવામાં આવેલ છે. જેનો ટુંકસાર એવો છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં સને ૧૯૯૪ થી નોકરી કરતા હતા. તથા તેમને છેલ્લે માસીક રૂા. ૨૮૦૦/– પગાર મળતો હતો. સામાવાળા સંસ્થા તથા અરજદાર વચ્ચે માલીક કામદારના સબંધો હોવાની હકીકત પુરવાર કરાવમાં સફળ રહેલ છે. અરજદારે સામાવાળા ને ત્યાં સતત અને સળંગ નોકરી કરેલ છે. સામાવાળા સંસ્થામાં અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરી દેવામાં આવેલ. તથા અરજદાર તરફે રજુ પુરાવા ધ્વારા તેમને ગેરકાયદેસર છુટા કરી દીધેલાની હકીકત પુરવાર થાય છે. સામાવાળા સંસ્થા ધ્વારા છુટા કર્યા બાદ થી અરજદાર બેકાર છે. અને તેમને કોઈ પણ પ્રકારની આવક નથી. વિગેરે હકીકતો જણાવી તેમની માંગણાના નિવેદનમાંની તમામ દાદ મંજુર કરવા અરજ ગુજારેલ છે. તથા તેમને મૌખીક હુકમથી છુટા કરવાનું પગલુ ગેર કાયદેસર ઠરાવી મુળ જગ્યાએ પડેલ દિવસોના પગાર સહીત પુનઃ સ્થાપીત કરવા તથા અન્ય દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

૭: સદરહુ કામે સામાવાળા તરફે વિ. વ. શ્રી ધ્વારા તેમના બચાવના સમર્થનમાં મૌખીક દલીલો રજુ કરેલ છે. જેનો ટુંકસાર એવો છે કે, અરજદાર ખરેખર ડોમેસ્ટીક સરવંટ હતાં. તેઓ માલીકના અંગત ડ્રાઈવર હતા અને કંપનીના ડ્રાઈવર ન હતા જેથી હાલનો વિવાદ આઈ.ડી. એકટ હેઠળ ચાલવા પાત્ર નથી સામાવાળા સંસ્થાની ફેકટરી સને ૨૦૧૦ માં બંધ થઈ ગયેલ છે. અને આ હકીકત ખુદ અરજદારે પણ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે. જેથી અરજદાર તેમની માંગણી મુજબ પુનઃ સ્થાપીત થવા હકકદાર રહેતા નથી. વધુમાં અરજદાર સામાવાળા સંસ્થા અને તેઓ વચ્ચે માલીક – કામદારના સબંધોની હકીકત તથા તેમને ગેરકાયદેસર છુટા કરવામાં આવેલાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તથા અરજદાર બેકાર નથી પરંતુ અન્યત્ર રોજગારી મેળવી રહેલા છે. જેથી તેઓ બેક વેજીસ મેળવવા હકકદાર નથી વિગેરે હકીકતો જણાવી અરજદાર તેમના માંગણાના નિવેદનમાંની હકીકત પુરવાર કરાવમાં નિષ્ફળ નિવડેલ હોય તેઓ માંગણાના નિવેદનમાંની કોઈ દાદ મેળવવા હકકદાર ઠરતા નથી, તેવુ ઠરાવી હાલનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

૮: હાલના રેફરન્સના કામે ઉપસ્થિત થયેલ તકરાર નો ગુણદોષ ના આધારે નિકાલ કરવા સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૧) શું અરજદાર તા. ૧૦/૦૮/૦૫ થી સામાવાળા ધ્વારા નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરવામા આવેલ છે ? જો હા તો તેઓ પડેલા દિવસો ના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરી થી પુનઃસ્થાપિત થવા હકદાર છે ?

૨) શો હુકમ ?

ઉપરોકત મુધ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકાર મા. નકાર મા.

૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો અંગે ના મારા કારણો નીચે મુજબ છે.

## ૯. <u>કારણો</u>

**૯.૧.૧ :** સદરહુ કામે સામાવાળા સંસ્થા અને અરજદાર વચ્ચે માલીક કામદારના સબંધો હોવાની તકરારી હકીકત બાબતે જોઈએ તો અરજદાર તેમની આંક–૧૫ની જુબાનીની સરતપાસના પેરા–૨ માં તેમના માંગણાના નિવેદનની હકીકતને સમર્થન આપતા જણાવે છે કે, " અમો કામદારને ગઈ તા. ૧૦/૮/૦૫ ના રોજ કોઈ પણ પ્રકારના હકક હીસ્સાની રકમ ચુકવ્યા વગર નોકરીમાંથી મૌખીક હુકમથી કાઢી મુકવામાં આવેલ હતાં." તથા તેઓ તેમની સરતપાસમાની માલીક કામદારના સબંધોની હકીકતને વળગી રહેતા તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, " તે વાત ખરી છે કે, અમો સામાવાળાને ત્યાં ટાટા સુમો ગાડી ચલાવતા હતાં. તે વાત ખરી નથી કે આ ટાટા સુમો ગાડીને કંપની સાથે કોઈ જ વ્યવહાર ન હતો." વધુમા જણાવેલ છે કે, " તે વાત ખરી નથી કે, કુમારભાઈ શાહ ભાવનગર આવતા ત્યારે એટલા સમય પુરતા અમારે ડ્રાઈવર તરીકે રહેવુ પડતું. તે વાત ખરી નથી કે, શેઠ ભાવનગરથી મુંબઈ પરત જતા ત્યારે અમો અન્ય જગ્યાએ ડ્રાઈવીંગ કરવા જતાં રહેતાં." આમ, તેમની ઉલટ તપાસમાં પણ તેઓ સામાવાળાના કામદાર ન હતાં, તેવી કોઈ મહત્વની વિરૂધ્ધની હકીકત તેમની ઉલટ તપાસમાં બહાર આવવા પામેલ નથી.

**૯.૧.૨ :** વધુમા હાલના કામે અરજદાર તરફે આંક–૨૫ થી તપાસવામાં આવેલા સાહેદ બટુકસીંહ ગોહીલ તેમની સરતપાસમાં જણાવે છે કે, " હું નરેન્દ્રસિંહને ઓળખુ છું જે કંપનીની જીપ જેવી ચલાવતા હતાં. આ નરેન્દ્રભાઈ સામાવાળાને ત્યાં ૭–૮ વર્ષથી કામ કરતા હતાં. મને કંપની પગાર ચુકવતી અને નરેન્દ્રભાઈને કંપની પગાર ચુકવતી નરેન્દ્રભાઈની કામગીરી ૧૨ કલાકની હતી. નરેન્દ્રભાઈ કંપનીમાં રોજેરોજ કામપર આવતા હતાં. હું નોકરી પર હતો ત્યા સુધી કામ કરતા હતાં." વધુમાં આ સાહેદ તેમની ઉલટ તપાસમાં પણ તેમની ઉપરોકત હકીકતને વળગી રહેતા જણાવે છે કે, "અમે સાથે નોકરી કરતા હતા તેવીરીતે ઓળખું છું. તથા વધુમાં જણાવે છે કે, "અરજદારે સામાવાળાને ત્યાં ૧૦ કે ૧૧વર્ષથી નોકરી કરતા હશે."

**૯.૧.૩ :** આમ, અરજદાર તરફે રજુ પુરાવો જોતાં, તા. ૧૦/૦૮/૦૫ ના રોજ તેમને છુટા કર્યાના વિવાદ સંદર્ભે તેઓ સામાવાળા સંસ્થાના કામદાર હોવાની હકીકત પ્રસ્થાપીત કરવામાં સફળ રહેલ છે.

**૯.૧.૪ :** જયારે સામાવાળા તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, અરજદાર સામાવાળા કંપનીના ડ્રાઈવર ન હતાં, પરંતુ તેના માલીકની અંગત ગાડી ઉપર અંગત ડ્રાઈવર હતાં એટલે કે તેઓ કંપનીના માલીકના માત્ર ડોમેસ્ટીક સરવંટ હતાં, પરંતુ તેમના ઉપરોકત બચાવના સમર્થનમાં તેઓ ધ્વારા કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**૯.૧.૫ :** વધુમાં સામાવાળા ધ્વારા રેકર્ડ ઉપર નિ.૭/૪ થી રજુ તા. ૨૪/૦૮/૦૫ ના રોજ અરજદારને લખેલ પત્રમાં કે તા. ૧૨/૦૯/૦૫ ના રોજ એ.સી.એલ શ્રી ભાવનગરના લખેલ પત્રમાં પણ આવો કોઈ બચાવ લેવામાં આવેલ નથી. એથી ઉલ્ટુ ઉપરોકત બન્ને પત્રો સામાવાળા સંસ્થા ધ્વારા તેમના પોતાના લેટર પેડ ઉપર અને એપણ એમના જ જવાબદાર અધિકારીના સહી સીકકા સાથે લખવામાં આવેલ છે. અને આ બંન્ને પત્રો માં અરજદારને નોકરીમાંથી દુર કર્યાની હકીકત નકારી કાઢી, તેમને ફરજ ઉપર આવવા જણાવાયેલ છે. વધુમાં તા. ૧૨/૦૯/૦૫ ના પત્રમા એ.સી.એલ. શ્રી ભાવનગરને લખાયેલ પત્ર માં સામાવાળા સંસ્થા ધ્વારા અરજદાર તેમના પોતાના ડ્રાઈવર હોવાની હકીકત સ્વીકારતા જણાવેલ છે કે, "અમોએ કયારેય નરેન્દ્રસિંહ જટુભાઈ ગોહીલને તેમની ડ્રાઈવર તરીકેનો નોકરીમાંથી કાઢી મુકેલ નથી કે ના પાડેલ નથી. "

**૯.૧.૬ :** આમ, રેકર્ડ ઉપર આવેલ ઉપરોકત પુરાવો જોતા અરજદાર સામાવાળા કંપનીના ડ્રાઈવર ન હતાં અને તેના માલીકના ડોમેસ્ટીક સરવંટ પ્રકારના અંગત ડ્રાઈવર હતાં, તેવી સામાવાળા પક્ષની હકીકત પુરવાર થયેલ ન હોઈ, કોઈપણ રીતે વિસ્વાસ મુકવા યોગ્ય જણાતી નથી. આ સંજોગોમાં અરજદાર સામાવાળા કંપનીના ડ્રાઈવર હતાં. અને માલીકના અંગત ડ્રાઈવર કે ડોમેસ્ટીક સરવંટ ન હતાં, તેવા તારણ ઉપર આ કોર્ટ આવે છે.

**૯.૧.૭ :** ઉપરોકત તમામ ચર્ચા તથા તારણો ધ્યાને લેતાં, તા. ૧૦/૮/૦૫ ના રોજ છુટા કર્યાના વિવાદ સબંધે સામાવાળા સંસ્થા અને અરજદાર વચ્ચે માલીક – કામદારના સબંધો હતાં, તેવા તારણ ઉપર આ કોર્ટ આવે છે.

**૯.૨.૧ :** અરજદાર સામાવાળા સંસ્થામાં સતત અને સળંગ નોકરી કરતા હતા કે કેમ ? તે હકીકત બાબત રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતાં, સદરહુ કામે અરજદાર સામાવાળા સંસ્થામાં સતત અને સળંગ નોકરીમાં હતા કે કેમ અથવાતો તેમને છુટા કરવામાં આવ્યા અગાઉના ૧૨ માસમાં તેમણે ૨૪૦ દિવસ કે વધુ દિવસ ફરજ બજાવેલ છે કે કેમ તે તકરારી હકીકત બાબતે જોઈએ તો, તેમની આંક–૧૫ની જુબાનીની સરતપાસમાં જણાવેલ છે કે, " અમો અરજદારની નોકરી વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની હાજરી છે. " પરંતુ તેઓ ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે, " અમારી નોકરી સામાવાળા સંસ્થામાં સતત અને સળંગ હોય, તે દર્શાવતો આધાર રજુ કરેલ નથી. પરંતુ આ અરજદાર સામાવાળા સંસ્થાની સતત અને સળંગ નોકરીમાં ન હતાં કે તેમને છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસકે વધુ દિવસ નોકરી કરેલ નથી, તે બાબતે સામાવાળા તરફે કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી. કે અરજદારની હાજરી બાબતના દસ્તાવેજી પુરાવા તેમના કબજામાં હોવા છતાં રજુ કરેલ નથી. જેથી આ સંજોગોમાં સામાવાળા સંસ્થા વિરૂઘ્ધ અનુમાન કરવુ વ્યાજબી જણાય છે. અને તેથી અરજદાર સામાવાળાને ત્યાં સતત અને સળંગ નોકરીમાં હતાં અથવાતો તેમણે છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ કે વધુ દિવસની ફરજ બજાવેલ હતી તેવા તારણ ઉપર આ કોર્ટ આવે છે.

**૯.૨.૨ :** જેથી આ સંજોગોમાં ઉપરોકત તમામ ચર્ચા અને તારણો ધ્યાને લેતાં, અરજદાર સામાવાળા સંસ્થામાં તેમને છુટા કરવામાં આવ્યા ત્યારે સતત અને સળંગ નોકરીમાં હતાં તથા છુટા કર્યા અગાઉ ના ૧૨ માસમાં તેમણે ૨૪૦ કે વધુ દિવસ ની ફરજ બજાવેલ હતી તેવુ અનુમાન અરજદારની તરફેણમાં દોરવુ એકદમ ન્યાયી અને વ્યાજબી જણાય છે અને તે રીતે અરજદાર કામદાર સામાવાળા સંસ્થામાં સતત અને સળંગ નોકરીમાં હતાં તેવા તારણ ઉપર હું આવુ છું.

૯.૨.૩ : સદરહુ કામે અરજદાર પક્ષે **<u>પ્રિન્સિપાલ શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલ અને બીજાઓ વિરુધ્ધ લીલાબેન સોમાભાઈ ગડાસા,</u>** ૨૦૦૮(૧) જી.એલ.એચ. ૨૮૬ મુજબનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો રજુ કરેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે આ કોર્ટ સંપુર્ણપણે સહમત છે. સદરહુ ચુકાદામાં ઠરાવેલ છે કે,જયારે કામદારે સોગંદ ઉપર જણાવ્યું કે, તે નોકરીમાં હતી અને તેણે ૨૪૦ દિવસની સતત નોકરી પુરી કરેલ છે તથા ૨૪૦ દિવસની સળંગ નોકરી બાબતે અરજદારનો કોઈ પુરાવો માલીક વ્દારા પુરા પાડવામાં આવેલ ન હતા. તેવા સંજોગોમાં કામદારનો પુરાવો રજુ થયેથી પુરાવાનો ભાર માલીક ઉપર આવી જશે અને તેમણે કામદારનો દાવો ખોટો સાબીત કરવાનો રહે છે. જયારે હાલના કામે પણ અરજદાર કામદારને ૨૪૦ દિવસ સતત અને સળંગ નોકરી કર્યાનો કોઈ પુરાવો આપવામાં આવેલ નથી કે માલીક દવારા તેવો પુરાવો કામદારના રેકર્ડ ઉપર પણ રજુ કરવામાં આવેલ નથી. જેથી આ સંજોગોમાં અરજદારે ૨૪૦ દિવસની સળંગ નોકરી કરેલ ન હતી તે પુરવાર કરવાનો બોજો હાલના સામાવાળા માલીક ઉપર આવે છે તેવા તારણ ઉપર આ કોર્ટ આવે છે.

૯.૨.૪ : સદરહુ કામે અરજદાર પક્ષે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. જીતેન્દ્ર એમ. રાવલ, ૨૦૦૫ (૧) જીએલએચ ૩૪૦</u>** મુજબનો નામ. ગુજરાત હાઈકોર્ટ નો ચુકાદો રજુ કરવામા આવેલ છે. જેમા ઠરાવવામા આવેલ છે કે, કામદારે ૨૪૦ દીવસ ની સળંગ નોકરી કરેલ હોવાનો મૌખિક પુરાવો આપેલ, પરંતુ તે હકીકત નુ ખંડન કરવા તેના વિરૂધ્ધમા માલીક ધ્વારા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નહી. આ સંજોગોમા નામ. કોર્ટ ધ્વારા સાચીરીતે માલીક ની વિરૂધ્ધ મા અનુમાન દોરેલ અને કામદારે ૨૪૦ કે વધુ દીવસ કામ કરેલાની હકીકત નુ અનુમાન સાચી રીતે દોરેલ. તથા કલમ ૨૫ એફ નો ભંગ થયેલ હોવાના તારણ ઉપર નામ. કોર્ટ આવેલ. જયારે હાલના કામે પણ સામાવાળા સંસ્થા ધ્વારા, કામદાર ની ૨૪૦ કે વધુ દીવસ કામ કરેલા ના પુરાવા નુ ખંડન કરવા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી આ સંજોગોમા હાલનો ચુકાદો અરજદાર પક્ષ ને મદદરૂપ જણાય છે અને તે મુજબ અરજદાર કામદારે સામાવાળા સંસ્થામા ૨૪૦ કે વધુ દીવસ કામ કરેલા હોવાની હકીકત નુ અનુમાન સામાવાળા સંસ્થાની વિરૂધ્ધ મા દોરવુ જોઈએ તેવા તારણ ઉપર આ કોર્ટ આવે છે.

**૯.૩.૧ :** હવે અરજદાર કામદારની નોકરીનો અંત ગેરકાયદેસર છે કે કેમ ? તે બાબતે જોઈએ તો, સદરહુ કામે સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારને ગેરકાયદેસર છુટા કરવામા આવેલ છે કે કેમ તે તકરારી હકીકત બાબતે જોઈએ તો અરજદાર તેમની આંક–૧૫ની જુબાનીની સરતપાસમાં જણાવે છે કે, ''અમો કામદારને ગઈ તા. ૧૦/૮/૦૫ ના રોજ કોઈ પણ પ્રકારના હકક હિસ્સાની રકમ ચુકવ્યા વગર નોકરીમાંથી મૌખીક હુકમથી કાઢી મુકવામાં આવેલ હતાં.'' વધુમાં તેઓ જણાવે છે કે, '' નોકરીમાંથી છુટા કરતી વખતે કોઈ પણ પ્રકારનો હકક હિસ્સો આપવામાં આવેલ નથી કે, સીનીયોરીટી લીસ્ટ પ્રસિધ્ધ કરવામાં આવેલ નથી. આમ, સામાવાળાઓએ આઈ.ડી. એકટની કલમ (એફ)(જી)(એચ)નો ભંગ કરેલ છે.'' જયારે તેમની ઉલટ તપાસમાં ઉપરોકત હકીકતોથી વિરૂધ્ધની કોઈ મહત્વની હકીકત બહાર આવવા પામેલ નથી. જયારે સામાવાળા પક્ષે છટ્ટણી નોટીસ, નોટીસ પગાર કે છટ્ટણી વળતર ચુકવવા બાબતે અને અરજદાર સહીત ના કામદારો નુ સીનીયોરીટી લીસ્ટ બનાવેલ હોવા બાબતે તથા ''લાસ્ટ કમ ફર્સ્ટ ગો'' ના સિધાંત મુજબ અરજદારને છુટા કરવામાં આવ્યા બાબતે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જેથી આ સંજોગોમાં સામાવાળા ધ્વારા અરજદારને ગેરકાયદેસર છુટા કરી દીધેલાની, અરજદારની હકીકત વિશ્વાસ મુકવા યોગ્ય જણાય છે.

**૯.૩.૨ :** વધુમાં હાલના કામે સામાવાળા સંસ્થા ધ્વારા એવો બચાવ લીધેલ છે કે, અરજદાર જાતે આવતા બંધ થઈ ગયેલ છે. પરંતુ તેમની આ હકીકત બાબતે તેમણે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. કે તેમણે આ બાબતે અરજદાર સામે ખાતાકીય કે અન્ય કોઈ કાર્યવાહી કરેલાની હકીકત પણ તેઓ જણાવતા નથી કે તે બાબતના કોઈ પુરાવા પણ તેમના ધ્વારા રેકર્ડ ઉપર રજુ નથી. આ સંજોગોમાં અરજદાર સ્વેચ્છાએ સામાવાળા સંસ્થાની નોકરી છોડી જતા રહયાની હકીકત માનવા યોગ્ય જણાતી નથી.

**૯.૩.૩ :** આમ, ઉપરોકત તમામ ચર્ચા અને તારણો ધ્યાને લેતા સામાવાળા ધ્વારા અરજદારની નોકરીનો અંત લાવતા પગલામાં આઈ.ડી એકટ ની કલમ – ૨૫ એફ અને ૨૫ – જી ની જોગવાઈઓનો ભંગ કરવામાં આવેલાની હકીકત પુરવાર કરવામાં અરજદાર પક્ષ સફળ રહેલ હોય, તેઓને સામાવાળા સંસ્થા ધ્વારા તા. ૧૦/૦૮/૦૫ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા

કરવામાં આવેલ હોવાના તારણ ઉપર હું આવુ છું. તથા મુદ્દા નં.૧નો પ્રથમ ભાગ નો જવાબ તેમ ઠરાવી **<u>"હકારમાં"</u>** આપવામાં આવે છે.

**૯.૪:** અરજદારને સામાવાળા સંસ્થા ધ્વારા ગેર કાયદેસર છુટા કરવાના સંજોગોમાં તેમને તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપીત કરવા જોઈએ કે કેમ ? તે બાબતે જોઈએ તો, આ અગાઉ કરેલ ચર્ચા મુજબ સામાવાળા સંસ્થા અને અરજદાર વચ્ચે માલીક કામદારના સબંધો હોવાની હકીકત, અરજદાર સામાવાળા સંસ્થામાં સતત અને સળંગ નોકરીમાં હોવાની હકીકત તથા સામાવાળા સંસ્થાએ અરજદારને નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરી દીધેલાની હકીકત રેકર્ડ ઉપર પુરવાર થાય છે. અને તેથી હવે અરજદારને તેની નોકરીની મુળ જગ્યાએ પુનઃ સ્થાપીત કરવાનો મુદ્દો વિચારણામાં લેવાનો રહે છે. આ મુદ્દા બાબતે રેકર્ડ ઉપર આવેલી હકીકતો ધ્યાને લેતાં, રેકર્ડ ઉપર આવેલો પુરાવો જોતાં, અરજદાર પોતે તેની ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે, " ફેકટરી હાલમાં બંધ છે. છેલ્લા ૩ વર્ષથી બંધ છે." આમ, આશરે સને ૨૦૧૦ માં સંસ્થા બંધ થઈ ગયેલ હોય, અરજદારને તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપીત કરી શકાય નહી, તેવા તારણ ઉપર આ કોર્ટ આવે છે. જેથી આ સંજોગોમાં અરજદારને તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપીત કરવા વ્યાજબી અને યોગ્ય જણાતું નથી પરંતુ તેમના બદલામાં તેમને ઉચ્ચક વળતર અપાવવું એ જ એક યોગ્ય વિકલ્પ જણાય આવે છે. તથા મુદ્દા નં.૧નો બીજા ભાગ નો જવાબ તેમ ઠરાવી **<u>"નકારમાં"</u>** આપવામાં આવે છે.

**૯.૫ :** હવે અરજદારને પુનઃ સ્થાપન ના બદલામાં ઉચ્ચક વળતર કેટલુ આપવુ એ બાબત જોઈએ તો, પુનઃ સ્થાપનના બદલામાં ઉચ્ચક વળતરની રકમ ની ગણતરી કરવા માટે રેકર્ડ ઉપર આવેલી હકીકતો જોતાં, અરજદાર સને ૨૦૦૧ માં નોકરીમા જોડાયેલા, તેમને તા. ૧૦/૮/૦૫ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે. તથા સને ૨૦૧૦ માં સામાવાળા સંસ્થા પણ બંધ થઈ ગયેલ છે. અરજદારને છેલ્લે માસીક રૂા. ૨૮૦૦/– પગાર ચુકવવામાં આવતો હતો. તથા અરજદાર પોતે ખેતી કરતા હોવાની અને મજુરી કરીને મહીને ૨૫૦૦/– રૂપિયા કમાતા હોવાની હકીકતો રેકર્ડ ઉપર પુરવાર થયેલ છે, વિગેરે ધ્યાને લેતાં, રૂા. ૯૦,૦૦૦/– પુનઃ સ્થાપનના બદલામા ઉચ્ચક વળતર અપાવવુ અત્રેની કોર્ટને વ્યાજબી અને ન્યાયી જણાય છે.

**૯.૬: સદરહુ કામે અરજદારે તેમના સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ બેકાર છે અને પ્રયત્નો કરવા છતાં નોકરી કે અન્ય કામ મળેલ નથી. પરંતુ તેઓ પોતે તેમની ઉલટ તપાસ માં ખેતી કરતા હોવાની હકીકત કબુલેલ છે. તથા વધુ મા ઉલટ તપાસ માં કબુલ રાખેલ છે કે, બીજે કામ હોય છે પણ તેઓ જતા નથી અને બીજે કયાંય ફેકટરી મા કામ મેળવવા પ્રયત્ન કરેલ નથી. વધુમાં તેમના પોતાના સાહેદ તેમની ઉલટ તપાસ માં કબુલે છે કે, અરજદાર મહીને ૨,૫૦૦/– મજુરી કરીને કમાય છે. જેથી આ સંજોગોમાં અરજદાર બેકાર હોવાની અને પ્રયત્નો કરવા છતાં નોકરી કે અન્ય કામ મળેલ નહી હોવાની હકીકત વિશ્વાસ મુકવા લાયક જણાતી નથી. તથા ઉપરોકત તમામ ચર્ચા અને તારણો ધ્યાને લઈને મુધ્દા નં ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–: હુ ક મ :–**

**હાલનો રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવે છે.**

**અરજદાર નરેન્દ્રસિંહ જટુભા ગોહીલ ને સામાવાળા સંસ્થા સાઉન્ડ બીલ્ડ કેર પ્રા.લી. નાઓ ધ્વારા ગેરકાયદેસર છુટા કરાયેલા હોઈ, પુનઃ સ્થાપીત કરવાના બદલામાં ઉચ્ચક વળતર તરીકે રૂા.૯૦,૦૦૦/– ની રકમ સામાવાળા સંસ્થાએ અરજદાર ને ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.**

**સામાવાળા પક્ષે પોતે પોતાનો ખર્ચ જાતે ભોગવવો. તથા અરજદાર કામદાર પક્ષ ને ખર્ચ ના રૂ. ૨,૦૦૦/– (બે હજાર) ચુકવી આપવા.**

**આઈ.ડી.એકટ ની કલમ ૧૭ અન્વયે હાલના એવોર્ડ ની જાહેર પ્રસિધ્ધી ની તારીખ થી ત્રીસ દીવસ નો સમય વિત્યાબાદ, હાલના એવોર્ડ નો અમલ કરવાનો રહેશે.**

**ભાવનગર.** **મહંમદઆરીફ નૂરમહંમદ શેખ** (GJ00611),

**તા.૧૭/૦૧/૨૦૧૮.** **પ્રમુખ અધિકારી, મજુર અદાલત, ભાવનગર.**